RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 268, Dt.01-01-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

## ઉત્તરાખંડ હવે પરપ્રાંતિયો નહીં ખરીદી શકે ખેતીની જમીન

### ઉત્તરાખંડમાં રાજ્ય બહારના લોકોને ખેતી અને બાગાયત માટે જમીન ખરીદવાની મંજૂરી ૨૦૦૪માં કોંગ્રેસ સરકાર દ્વારા મળી હતી જેના પર રોક લગાવાઈઃ મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં નિર્ણય લેવાયો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઉત્તરાખંડમાં હવે રાજ્યની બહારના લોકો ખેતી અથવા બાગાયતના નામ પર જમીન નહીં ખરીદી શકશે. ઉત્તરાખંડમાં જમીન પર અતિક્રમણની વધતી ઘટનાઓ પર રોક લગાવવા માટે ધામી સરકારે રવિવારે મોટો નિર્ણય લીધો છે. સરકારે લેન્ડ લો ડ્રાફ્ટિંગ કમિટીના અહેવાલ અથવા આગળનો આદેશો ન આવે ત્યાં સુધી બહારના લોકોને જિલ્લા મેજિસ્ટ્રેટની મંજૂરીથી મળતી કૃષિ અને બાગાયતની જમીન ખરીદવા માટે આપવામાં આવેલી



છૂટ પર રોક લગાવી દીધી છે.

રાજ્ય બહારના લોકો ઉત્તરાખંડમાં ડીએમ સ્તરે મંજૂરી લઈને ખેતી અને બાગાયતના નામે અંધાધૂંધ જમીન ખરીદી રહ્યા હતા. હવે સરકારે તેના પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવવાનો નિર્ણય લીધો છે. રવિવારે મુખ્યમંત્રી આવાસ પર મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. ઉત્તરાખંડ માટે નવો જમીન કાયદો તૈયાર કરવા માટે સરકારે ડ્રાફ્ટિંગ કમિટીનું ગઠન કર્યું છે.

બેઠકમાં નક્કી કરવામાં આવ્યું કે, જ્યાં સુધી જમીન કાયદા સમિતિનો રિપોર્ટ મળે ત્યાં સુધી અથવા આગળના આદેશો સુધી ડીએમ ઉત્તરાખંડની બહારના લોકોને ખેતી અને બાગાયતી હેતુઓ માટે જમીન ખરીદવાની મંજૂરી આપવાના પ્રસ્તાવ પર અંતિમ નિર્ણય નહીં લેશે. ઉત્તરાખંડમાં રાજ્ય બહારના લોકોને ખેતી અને બાગાયત માટે જમીન ખરીદવાની મંજૂરી ૨૦૦૪માં કોંગ્રેસ સરકારમાં મળી હતી.

ઉત્તરાખંડમાં માત્ર એ જ લોકો ખેતી અને બાગાયતની જમીન ખરીદી શકશે જેમના નામ પર ૧૨ સપ્ટેમ્બર ૨૦૦૩ પહેલા ઉત્તરાખંડમાં અચલ સંપત્તિ છે. ઉત્તર પ્રદેશ જમીનદારી અને જમીન વ્યવસ્થા અધિનિયમ ૧૯૫૦ની કલમ ૧૫૪માં વર્ષ ૨૦૦૪માં સુધારો કરવામાં આવ્યો હતો. આ પ્રમાણે એવા વ્યક્તિઓ જે રાજ્યમાં ૧૨ સપ્ટેમ્બર ૨૦૦૩ પહેલા રાજ્યમાં અચલ સંપત્તિના ધારક નથી તેઓ ખેતી અને બાગાયતના હેતુ માટે જમીન ખરીદવા માટે જિલ્લા મેજિસ્ટ્રેટ પાસેથી મંજૂરી લઈ શકે છે. હવે આના પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. હવે ઉત્તરાખંડમાં ૧૨ સપ્ટેમ્બર ૨૦૦૩ પહેલા જે લોકોના નામે જમીન હશે તેઓ જ ખેતી માટે જમીન ખરીદી શકશે.

## નવા વર્ષના પ્રથમ દિવસે જ ઈસરોએ રચ્યો ઈતિહાસઃ બ્રહ્માંડના રહસ્યો અને બ્લેકહોલની માહિતી એકઠી કરવા એક્સપોસેટ રવાના કર્યા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશને ૨૦૨૩માં ચંદ્રયાન-૩ની સિદ્ધિની ભેટ આપનાર ઈન્ડીયન સ્પેસ રીસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો)એ ૨૦૨૪ના પ્રથમ દિવસે જ બ્રહ્માંડના રહસ્યો અને ખાસ કરીને બ્લેક હોલની વધુ માહિતી એકત્ર કરવા આજે સવારે ૯.૧૦ કલાકે શ્રીહરિકોટા લોન્ચ પેડ પરથી ઊડ્ડ્યજઅઝ-એકસપોસેટને પીએસએલવી અવકાશમાં સ્થાપિત કરવા સફળતાપૂર્વક રવાના કરાયો હતો. નવા વર્ષના પ્રથમ દિવસે જ આ સફળતા મેળવી નઈસરોથ એ નવા વર્ષમાં પણ તેના જુસ્સો આસમાને છે તે દર્શાવી આપ્યું છે.પીએસએલવીનું આ ૬૦મી મીશન છે અને તેણે પૃથ્વીથી ૬૫૦ કીમીની ઉંચાઈએ આ ઉપગ્રહને સ્થાપીત કર્યા છે.



સૌથી મહત્વનું એ છે કે,આ મીશન મારફત દેશના ચાર અંતરિક્ષ સ્ટાર્ટઅપમાં પણ હવે આ ક્ષેત્રમાં પ્રવેશ મેળવ્યા છે અને તથા તેઓએ માઈક્રો સેટેલાઈટ સબસીસ્ટમ થ્રસ્ટર એટલે કે નાના એન્જીનો મારફત ઉપગ્રહને પૃથ્વીની નીચી ભ્રમણકક્ષામાં સ્થાપિત કરવામાં તેમનો ફાળો આપ્યો હતો અને તેને સૂર્યની કિરણોસર્ગી અસરથી બચાવવા માટે એક ખાસ શિલ્ડ કોટીંગ પણ આ સ્ટાર્ટઅપ દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે.

આ માટે હૈદરાબાદની ધ્રુવ સ્પેસ પીએચએલવી-સી-૫૮ મિશન મુજબ 'આકાંક્ષી' પે-લોડનો પણ સાથ લેવાયો છે. EXPOSAT તરીકે ઓળખાતા આ ઉપગ્રહને બે ઉપકરણો લગાવ્યા છે જેમાં પ્રથમ પોલરીમીટર ઈસ્યુમેન્ટ-ઈન એક્સ-રે જેને પોલીકસા નામથી ઓળખાયુ છે તે રમણ શોધ સંસ્થાને તૈયાર કરે છે અને ઉપરાંત એકસરે- સ્પેક્ટ્રોસ્કપી એન્ડ ટાઈમીંગ એટલે કે એક્સપેક્ટ બીજું સાધન છે જે યુએસ હાલ ઉપગ્રહ કેન્દ્રએ તૈયાર કર્યુ છે. આ બન્ને ઉપકરણથી બ્લેક હોલના રહસ્ય જાણવા મદદ કરશે.

આ ઉપગ્રહ તેની ભ્રમણકક્ષામાં સ્થાપિત થયા બાદ તેને ઈસરોના કેન્દ્ર મારફત પૃથ્વીથી ૩૫૦ કીમીની કક્ષાએ મુકશે. આ મુજબ કુલ ૧૦ ઉપગ્રહ પૃથ્વીની ભ્રમણકક્ષાએ સ્થાપીત થશે. રેડીયેશન થિલ્ડીગનું મોડ્યુલ ટેક-મી-ટુ સ્પેસ દ્વારા તૈયાર કરાયુ છે. જે એક સ્ટાર્ટઅપ છે. બ્લીફ સેટ જે એક રેડીયો ઉપગ્રહ છે તે કે જે સોમેયા ટેકનીકલ ઈન્સ્ટીટયુટે તૈયાર કર્યુ છે. આ મિશનમાં મહિલા સ્ટાર્ટઅપ પણ જોડાયા હતા.

## નવા ઉત્સાહ અને ઉમંગ સાથે ૨૦૨૪ના વર્ષના વધામણા

### મધરાત્રે ૧૨ના ટકોરે આતશબાજી સાથે આકાશ રંગબેરંગી ઝળહળા બન્યું

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

માર્ગો,દરીયાથી માંડીને આકાશને આંબતી વિશ્વભરની ઈમારતોમાં નવા વર્ષ ૨૦૨૪ ના આગમનની ભવ્ય રીતે વધાવવામાં આવ્યુ હતું. દુનિયાભરમાં નવેલકમ ૨૦૨૪થસાથે જશ્ન મનાવાયો હતો.દુનિયામાં સૌ પ્રથમ ઉજવણી ઓસ્ટ્રેલીયા-ન્યુઝીલેન્ડમાં થઈ હતી. ઓસ્ટ્રેલીયાનાં સિડની હાર્બરમાં ઘડીયાળમાં મધરાતનાં ટકોરા પડવાની સાથે જ ૧૨ મીનીટની અભૂતપૂર્વ આતશબાજી યોજવામાં આવી હતી અને આખુ આકાશ રંગબેરંગી લાઈટસથી ઝળહળા બન્યુ હતું.

દરીયા તથા સમુદ્રકાંઠે ઉજવણી માટે એકઠા થયેલા દસ લાખ લોકોએ ભવ્ય આતશબાજી નિહાળી હતી. ન્યુઝીલેન્ડમાં ઓકલેન્ડ ખાતે દેશનાં સૌથી ઉંચા ટાવરમાં ૧૦૭૬ ફૂટની ઉંચાઈએ અદભુત નજારો




સર્જવામાં આવ્યો હતો. આ સિવાય વિશ્વની સૌથી ઉંચી ઈમારત એવી દુબઈની બુર્જ ખલીફામાં પણ રંગારંગ ઉજવણી કરવામાં આવી હતી.કેન્યાના નૈરોબીમાં અતિભવ્ય આતશબાજી સાથે જશ્ન મનાવાયો હતો.

રશીયામાં સેંટ પીટસબર્ગનાં પેલેસ સ્કવેર ખાતે નવા વર્ષની ઉજવણી અંતર્ગત પ્રમુખ પુટીનનો ખાસ મેસેજ દર્શાવવામાં આવ્યો હતો. બ્રિટનમાં લંડન આઈ ફેરી ખાતે આકર્ષક આતશબાજી સાથે નવા વર્ષને વધાવવામાં આવ્યું હતું. સ્કોટલેન્ડમાં એડીનબર્ગ કિલ્લા તથા બાલમોરલ કલોક પર રોશની અને આતશબાજી સાથે ૨૦૨૪ ને વેલકમ કરવામાં આવ્યુ હતું. ફ્રાંસમાં પેરીસ, ગ્રીસના એથેન્સ, સ્વીટઝરલેન્ડનાં લેક મુરીચ, સહીત દુનિયાભરનાં દેશોએ આ વર્ષનાં આગમનની યાદગાર અને અભૂતપૂર્વ ઉજવણી કરી હતી.સ્રસ્ર

વિશ્વભરનાં દેશો-શહેરોમાં નવા વર્ષની પાર્ટી હોટેલો-રેસ્ટોરન્ટ,પબ-બારમાં થઈ હતી.ઉપરાંત જાહેર ઉજવણી અનોખી રીતે કરવામાં આવી હતી અને તેમાં કોઈપણ દેશ બાકાત રહ્યા ન હતા. લાખો-કરોડો લોકો નવા વર્ષને વધાવવા માટે ઉમટી પડયા હતા. વિશ્વઆખુ જશ્નના માહોલમાં ડુબ્યાનો ઘાટ ઘડાયો હતો. નવુ વર્ષ ૨૦૨૪ સુખ, સમૃધ્ધિ, શાંતી લઈને આવે તેવી આશા-અરમાનો સાથે લોકોમાં ઉત્સાહ-ઉમંગ છવાયેલા રહ્યા હતા. સર્વત્ર આતશબાજીથી આકાશ ઝળહળા થયા હતા અને અલગ-અલગ પ્રકારે અનોખી ઉજવણી થઈ હતી.

## લોન ડિફોલ્ટ પર દંડના નિયમો બદલાશેઃ સમયમર્યાદા વધારાઈ

### જો કે આરબીઆઈએ આ માટેની મુદ્દતમાં વધારો કર્યો

**મુખ્ય સમાચાર, મુંબઈ**

રિઝર્વ બેન્ક ઑફ ઇન્ડિયાએ લોન એકાઉન્ટ પર દંડ લગાવવાના નિયમ લાગુ કરવાની સમયમર્યાદાને વધારી છે. આરબીઆઇ દ્વારા ૨૦ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ જારી કરાયેલા પરિપત્ર અનુસાર ૧ એપ્રિલ, ૨૦૨૪થી નવા નિયમો લાગુ કરવામાં આવશે, પરંતુ ૩૦ જૂન, ૨૦૨૪ બાદ નહીં. ઓગસ્ટ ૨૦૨૩ દરમિયાન આરબીઆઇએ એક પરિપત્ર જારી કર્યો હતો કે બેન્ક લોન એકાઉન્ટ પર દંડ કેવી રીતે લગાડી શકે છે.

નવા દિશાનિર્દેશ ૧ જાન્યુઆરી, ૨૦૨૪થી લાગુ થવાના હતા. જોકે આ સંદર્ભમાં કેટલીક સ્પષ્ટતા અને બેન્કો અને એનબીએફસીને વધુ સમયની જરૂરિયાતને ધ્યાનમાં રાખતા તેને લાગુ કરવાની સમયમર્યાદાને વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તે અનુસાર, નિયમન હેઠળની સંસ્થાઓને એ




સુનિશ્ચિત કરવા માટે કહેવામાં આવ્યું છે કે ૧ એપ્રિલ, ૨૦૨૪થી પ્રાપ્ત દરેક નવી લોનના સંદર્ભમાં નિર્દેશોને લાગુ કરાય. આ સંસ્થાઓમાં બેન્ક અને એનબીએફસી સામેલ છે.

## નવા વર્ષના પ્રારંભે રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં શિયાળો જામ્યો

### રાજકોટમાં ૧૨.૬ ડિગ્રી જયારે નલિયા લઘુતમ તાપમાન ૮.૮ ડિગ્રી નોંધાયુંઃ ઉત્તરના પવનો શરૂ થતાં ઠંડીની તિવ્રતા વધી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નવા વર્ષના પ્રારંભે રાજકોટ સહિત સૌરાષ્ટ્ર કચ્છમાં શિયાળાએ જમાવટ પકડી છે અને ઠેર ઠેર ઠંડીના પ્રમાણમાં વધારો નોંધાયો હતો. આજે સવારે ખાસ કરીને કચ્છમાં પણ તિવ્ર ઠંડી અનુભવાઈ હતી. કચ્છનાં નલીયા ખાતે આજે ફરી સીંગલ ડીઝીટ તાપમાન નોંધાયું હતું. અત્રે આજે સવારે ૮.૮ ડિગ્રી લઘુતમ તાપમાન થઈ જતા નલીયાવાસીઓ ઠુંઠવાયા હતા. જયારે ભૂજમાં પણ ૧૨.૫ ડિગ્રી સાથે ઠંડીનો ચમચારો અનુભવાયો હતો. તેમજ કંડલા ખાતે ૧૫.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.



આ ઉપરાંત આજરોજ રાજકોટમાં પણ ચાલુ સિઝનની સૌથી વધુ ઠંડી સાથે ૧૨.૬ ડિગ્રી, લઘુતમ તાપમાન નોંધાવા પામ્યું હતું. સૌરાષ્ટ્ર કચ્છમાં ફરી ગઈકાલથી પવનની દિશા બદલાઈ છે અને ઉતરના પવનો ફુંકાવા લાગ્યા છે. આથી ઠંડીની તીવ્રતા વધવા પામી છે.

દરમ્યાન આજે સવારે અમરેલીમાં પણ ૧૨.૬ ડિગ્રી સાથે તીવ્ર ઠંડી અનુભવાઈ હતી. જયારે આજે અમદાવાદમાં ૧૬.૨ ડીગ્રી, વડોદરામાં ૧૭.૨, ભાવનગરમાં ૧૭, દમણમાં ૧૯./૮, ડીસામાં ૧૪.૪, દિવમાં ૧૮.૫, દ્વારકામાં ૧૬, ગાંધીનગરમાં ૧૩.૫, ઓખામાં ૨૦.૫, પોરબંદરમાં ૧૩,૭, સુરેન્દ્રનગરમાં ૧૪.૨, અને વેરાવળ ખાતે ૧૮.૭ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાવા પામ્યું હતું

ઉપરાંત જામનગરમાં છેલ્લા ૨૪ કલાકમાં લઘુતમ તાપમાનનો પારો ૩ ડિગ્રી સરકીને ૧૩ ડિગ્રી એ પહોંચતા નવા વર્ષનો પ્રારંભ ઠડી સાથે થયો હતો. તો મહતમ તાપમાન ૨૬.૫ ડિગ્રીએ નીચું ગયું હતું.આ સાથે વાતાવરણમાં ભેજનું પ્રમાણમાં ૧૩ ટકાના વધારા સાથે ૮૨ ટકા એ પહોંચ્યો હતો.

૩ દિવસ આંશિક વાદળછાયું વાતાવરણ રહેવાની આગાહી જિલ્લા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા કરવામાં આવી છે.ત્યારેઆ સમયગાળામાં પવનની ગતિ વધશે. મહતમ તાપમાન ૨૯ થી ૩૦ ડિગ્રી રહેશે.

## ભારત ઓસ્ટ્રેલિયા વચ્ચે વેપાર કરાર ચૂંટણી બાદ થશે

### ડયૂટીમાં ઘટાડા બાદ ઓસ્ટ્રેલિયા ખાતે કેટલાક પ્રોડકટસની નિકાસમાં વધારો

**મુખ્ય સમાચાર, મુંબઈ**

ઓસ્ટ્રેલિયા સાથેના કરારને પરિણામે દેશમાં ઓસ્ટ્રેલિયા ખાતે અનેક ચીજવસ્તુની નિકાસમાં વધારો જોવા મળ્યો છે. ઓસ્ટ્રેલિયા સાથેના કરાર હેઠળ ભારતના અનેક પ્રોડકટસ પર ડયૂટીમાં રાહત પૂરી પાડવામાં આવી છે. ભારત તથા ઓસ્ટ્રેલિયા વચ્ચે વિસ્તૃત સ્તરના વેપાર કરાર દેશમાં લોકસભાની ચૂંટણી બાદ થવા વકી છે.ભારતની કૃષિ બજારમાં પણ પોતાની હાજરી મેળવવા ઓસ્ટ્રેલિયાએ ઈરાદો વ્યકત કર્યો છે. જો કે ભારતે આ સંદર્ભમાં ઓસ્ટ્રેલિયાને કોઈ ખાતરી આપી નથી. માત્ર ઓસ્ટ્રેલિયા જ નહીં યુરોપ તથા યુકે સહિતના કેટલાક દેશો કૃષિ ક્ષેત્રમાં પગપેસારો કરવા માગે છે.

ગયા વર્ષના ડિસેમ્બરના અંતથી અમલી બનેલા ઈન્ડિયા-ઓસ્ટ્રેલિયા ઈકોનોમિક કોઓપરેશન એન્ડ ટ્રેડ એગ્રીમેન્ટ (ઈસીટીએ) બાદ ભારત ખાતેથી ઓસ્ટ્રેલિયામાં ફાર્માસ્યૂટિકલ્સ, એપરલ, ઈલેકટ્રોનિક માલસામાન તથા એન્જિનિયરિંગ ઉત્પાદનો સહિતની અનેક ચીજવસ્તુની નિકાસમાં વધારો જોવા મળ્યો હોવાનું પ્રાપ્ત આંકડા જણાવે છે.



આ ઉપરાંત ઓસ્ટ્રેલિયા ખાતેથી સીફૂડ, સાઈટ્રસ, બદામ વગેરેની નિકાસમાં પચાસ ટકા જેટલો વધારો થયાનું જોવા મળે છે.

વર્તમાન વર્ષના એપ્રિલથી નવેમ્બરમાં ઓસ્ટ્રેલિયા ખાતે ભારતની નિકાસ ૧૪ ટકા વધી ૫.૮૦ અબજ ડોલર રહી છે જ્યારે આયાત ૧૯ ટકા ઘટી ૧૧.૧૪ અબજ ડોલર રહી હતી. ઓસ્ટ્રેલિયા ખાતેથી ફોરેન ડાયરેકટ ઈન્વેસ્ટમેન્ટ (એફડીઆઈ)માં પણ વધારો જોવા મળી રહ્યાનું સુત્રોએ ઉમેર્યું હતું.

ઊંચી ગુણવત્તા સાથેના ઓસ્ટ્રેલિયન પ્રોડકટસ પર ટેરિફમાં કપાતને પરિણામે ૧લી જાન્યુઆરથી ભારત ખાતે ઓસ્ટ્રેલિયાના પ્રોડકટસ વધુ સ્પર્ધાત્મક બની રહેશે એમ વાણિજ્ય મંત્રાલયના સુત્રોએ જણાવ્યું હતું.

એન્જિનિયરિંગ ગુડ્સ, ઇલેક્ટ્રોનિક્સ, એપેરલ અને દવાઓમાં ભારતથી ઓસ્ટ્રેલિયામાં નિકાસ ઉત્પાદનોમાં વધારો થયો છે. સરકારી સુત્રોના જણાવ્યા અનુસાર, ભારત-ઓસ્ટ્રેલિયા ઇકોનોમિક કોઓપરેશન એન્ડ ટ્રેડ એગ્રીમેન્ટ હેઠળ ડયૂટીમાં મુક્તિને કારણે આ માલની નિકાસમાં વધારો થયો છે. ભારત-આસ્ટ્રેલિયા ટ્રેડ એગ્રીમેન્ટ એક વર્ષ પહેલા ૨૯ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ કરાયો હતો.

સરકારી સુત્રોએ જણાવ્યું કે આ વેપાર કરારમાં જે ઉત્પાદનોને ડયુટીમાં છૂટ મળી છે તેની નિકાસ વધી છે. ઓસ્ટ્રેલિયન સરકારે નિવેદનમાં જણાવ્યું છે કે આ વેપાર કરારના અમલ પછી ઓસ્ટ્રેલિયાથી ભારતમાં કૃષિ નિકાસમાં ૫૦ ટકાનો વધારો થયો છે. ભારતમાં ઓસ્ટ્રેલિયાની ઔદ્યોગિક નિકાસમાં લગભગ ૩૦ ટકાનો વધારો થયો છે, ખાસ કરીને દવાઓ, લાકડું અને કાગળ અને કોકલિયર ઇમ્પ્લાન્ટ સામેલ છે.


## 'જે દેશ ઈનોવેશનને મહત્વ આપતો નથી તેનો વિકાસ અટકી જાય છે', મોદીએ કરી મન કી બાત

### આપણે સાથે મળીને પ્રયાસો કર્યા છે ત્યારે દેશને ઘણો લાભ થયો છે : મોદી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વર્ષના છેલ્લા દિવસની સાથે છેલ્લો રવિવાર પણ છે. રાતના ૧૨ વાગ્યાની સાથે જ વર્ષ ૨૦૨૩ સમાપ્ત થશે અને નવું વર્ષ શરૂ થશે, ત્યારે આજે વર્ષના અંતિમ દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના રેડિયો કાર્યક્રમ મન કી બાત દ્વારા લોકોને સંબોધન કરી રહ્યા છે. આજે આ કાર્યક્રમનો ૧૦૮મો એપિસોડ છે.

આપણે સાથે મળીને પ્રયાસો કર્યા છે ત્યારે દેશને ઘણો લાભ થયો છે. દેશમાં ૭૦ હજાર અમૃત સરોવરોનું નિર્માણ એ આપાણી સામૂહિક સિદ્ધિ છે અને હું માનું છું કે જે દેશ ઈનોવેશનને મહત્વ આપતો નથી તે દેશનો વિકાસ અટકી જાય છે. આપણે ૨૦૧૫માં વૈશ્વિક ઇનોવેશન રેન્કમાં ૮૧મા ક્રમે હતા જ્યારે આજે




૪૦માં ક્રમે છે. ભારતમાં મોટી સંખ્યામાં પેટન્ટ દાખલ કરવામાં આવી હતી. આ વખતે ચજએશિયા યુનિવર્સિટી રેન્કિંગમાં સૌથી વધુ ભારતીય યુનિવર્સિટીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

પીએમ મોદીએ મન કી બાતમાં કાર્યક્રમમાં કહ્યું કે 'તમામને ૨૦૨૪ માટે ઘણી શુભકામનાઓ. આ ૧૪૦ કરોડ ભારતીયોની તાકાત છે કે આ વર્ષે આપણા દેશે ઘણી વિશેષ સિદ્ધિઓ હાંસલ કરી છે. આપણે ૨૦૨૪માં પણ આ જ ભાવના અને મોમેંન્ટમ જાળવી રાખવાની છે. ઉપરાંત કહ્યું કે આજે પણ ઘણા લોકો મને ચંદ્રયાન-૩ની સફળતાને લઈને મેસેજ મોકલી રહ્યા છે. મને ખાતરી છે કે મારી જેમ તમે પણ આપણા વૈજ્ઞાનિકો અને ખાસ કરીને મહિલા વૈજ્ઞાનિકો પર ગર્વ અનુભવી રહ્યા હશો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે '૧૦૮ નંબરનું અહીં ખાસ મહત્વ છે જેમાં તેની પવિત્રતા, એક ઊંડા અભ્યાસનો વિષય છે. માળામાં ૧૦૮ મણકા, ૧૦૮ વખત જાપ, ૧૦૮ દિવ્ય ક્ષેત્ર, મંદિરોમાં ૧૦૮ પગથિયાં, ૧૦૮ ઘંટ, આ ૧૦૮ની સંખ્યા અપાર શ્રદ્ધા સાથે જોડાયેલી છે.'મન કી બાત' કાર્યક્રમનું ૨૨ ભારતીય ભાષાઓ અને ૨૯ બોલીઓ ઉપરાંત ફ્રેન્ચ, ચાઈનીઝ, ઈન્ડોનેશિયન, તિબેટીયન, બર્મીઝ, બલોચી, અરબી, પશ્તુ, ફારસી સહિત ૧૧ વિદેશી ભાષાઓમાં પ્રસારિત થાય છે. આ કાર્યક્રમ ઓલ ઈન્ડિયા રેડિયોના ૫૦૦થી વધુ કેન્દ્રો પરથી પ્રસારિત થાય છે.

# જામનગરના રોજિયા વંથલી રોડ ઉપર ૨.૧૩ કરોડના ખર્ચે નિર્માણ પામેલા માઈનોર બ્રિજનું લોકાર્પણ કરાયું

**મુખ્ય સમાચાર, જામનગર**




જામનગર જિલ્લામાં જામવંથલી રોડ પર રોજિયા વંથલીના રસ્તે રાજ્યના કૃષિ,પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ,ગ્રામ વિકાસ, ગ્રામગૃહનિર્માણ વિભાગના મંત્રી રાઘવજી પટેલે માઈનોર બ્રિજનું લોકાર્પણ કરી જણાવ્યું હતું કે, ગ્રામજનોની રજૂઆત અને સુવિધાને ધ્યાનમાં રાખીને માઈનોર બ્રિજનું નિર્માણ કરવામાં આવ્યુ છે જેના થકી જામવંથલી તથા આજુબાજુના ગ્રામજનોની મુશ્કેલીઓનો અંત આવ્યો છે. ચોમાસાના સમય દરમિયાન આજુબાજુના વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા હવે નહી રહે. વરસાદી પાણીનો સંગ્રહ કરવા માટે સરકારની વિવિધ યોજનાઓ અમલમાં છે. સૌની યોજના થકી ચોમાસા સિવાય પણ નદીનાળાઓ ભરેલા રહે છે. જેના થકી ખેડૂતોને ખેતીમાં ફાયદો થાય છે.ડબલ એન્જિન સરકાર થકી લોકોને ઘર આંગણે સવલતો મળી રહી છે. વિકસિત ભારત સંકલ્પ યાત્રા જે મોદીજીની ગેરેન્ટી વાળી ગાડીથી ઓળખાય છે તેના થકી છેવાડાના માનવી ને સરકારી યોજનાઓની સમજુતી આપી લાભો એનાયત કરવામાં આવી રહ્યા છે. આજે નાનામાં નાના વિસ્તારમાં પણ લોકોને પ્રાથમિક સુવિધાઓ મળી રહી છે.રોજિયા વંથલી રોડ પર મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ૧૨ મીટરના ૫ ગાળાના માઈનોર બ્રિજનું રૂ.૨કરોડ ૧૩લાખના ખર્ચે નિર્માણ કરવામાં આવ્યુ છે. જેના થકી રોજિયા, વંથલી તથા આજુબાજુના ગામોને અને ગામના વાડી વિસ્તારના લોકો અને ખેડૂતોને પૂરતા પ્રમાણમાં લાભ મળી રહે છે.કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ મેયબેન ગરચર, જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના અધ્યક્ષ પ્રવિણાબેન ચભાડીયા તેમજ જિલ્લા ભાજપ મહામંત્રી કુમારપાળસીંહ રાણા તેમજ તાલુકા પંચાયતના પ્રમુખ કાંતિભાઈ દુધાગરા, અગ્રણીઓ, આજુબાજુના ગામમાંથી પધારેલા સરપંચઓ તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

# વિદેશી દારૂના ગુન્હામાં વોન્ટેડ આરોપીને વાપીથી દબોચી લેતી મોરબી ક્રાઈમ બ્રાંચ

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી ક્રાઇમ બ્રાંચ પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે માળીયા(મી.)પો.સ્ટે.માં નોંધાયેલ ઇગ્લીંશ દારૂના ગુનામાં છેલ્લા અગીયારેક માસથી નાસતા ફરતા આરોપીને વાપીથી દબોચી લઇ આગળની કાર્યવાહી અર્થે માળીયા(મી) પોલીસ મથકમાં સોંપવામાં આવ્યો હતો.

મોરબી એલસીબી/પેરોલ ફર્લો સ્કવોડ ટીમને ખાનગીરાહે હકિક્ત મળેલ કે, માળીયા મી. પો.સ્ટે.માં નોંધાયેલ વિદેશી દારૂના ગુન્હામાં છેલ્લા અગિયાર માસથી નાસતો ફરતો આરોપી રમેશભાઇ મેઘજીભાઇ માણોદરા રહે. વાપીવાળો હાલ તેના ઘરે હોવાની ચોક્કસ હકીક્ત મળેલ હતી.

ઉપરોક્ત મળેલ હકીકતના આધારે પોલીસ ટીમ સાથે હકીકત મુજબની જગ્યાએ તપાસ કરતા આરોપી રમેશભાઇ મેઘજીભાઇ માણોદરા ઉવ. ૨૬ રહે. હાલ વાપી, ચલા વિસ્તારશ્રી નાથજી બી ફ્લેટ નંબર-૩૦૫,જી. વલસાડ મુળ રહે. ભચાઉ, ભવાનીપુરતા ભચાઉ જી. કચ્છ વાળો વાપી મુકામેથી મળી આવતા તેને હસ્તગત કરી આગળની કાર્યવાહી અર્થે માળીયા મી. પો.સ્ટે.ને સોપવા તજવીજ હાથ ધરેલ હતી.

# મોરબી પોલીસે ૩૧ ડિસેમ્બરને ધ્યાનમાં લઈ શહેરમાં સઘન ચેકીંગ કરી કુલ ૧૭ નશાખોરોને પકડી પાડ્યા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ મોરબીમાં થર્ટી ફર્સ્ટને લઈને છેલ્લા એક સપ્તાહથી સઘન બંદોબસ્ત ગોઠવી દીધો છે ત્યારે મોરબી જીલ્લા પોલીસ દ્વારા ૩૧ ડિસેમ્બરને લઈને ચાંપતો બંદોબસ્ત ગોઠવી સઘન ચેકીંગ હાથ ધરી કુલ ૧૭ પીધેલાને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

૩૧ ડિસરમબરને અનુસંધાને મોરબીમાં પોલીસે મોરબી શહેર તેમજ જિલ્લામાં પ્રવેશતા તમામ માર્ગો પર સઘન ચેકીંગ હાથ ધર્યું હતું જેમાં વિવિધ જગ્યાએ ચેક પોસ્ટ ઊભી કરીને મોરબી જિલ્લાના ૩૦૦ થી વધુ જવાનો અને અધિકારીઓ દ્વારા વાહન ચેકીંગ તેમજ થર્મલ ગન દ્વારા કેફી પ્રવાહી પીધેલાનું ચેકીંગની કામગીરી હાથ ધરી હતી. જેમાં મોરબી એ ડિવિઝન ૦૩ વ્યક્તિ, મોરબી તાલુકા પોલીસ મથકમાં ૦૯ વ્યક્તિ, મોરબી બી ડિવિઝનમાં ૦૩ વ્યક્તિ, હળવદમાં ૦૨ વ્યક્તિ મળી જિલ્લામાંથી કુલ ૧૭ વ્યક્તિઓ પકડાયા હતા તથા આ સિવાય ડ્રીંક એન્ડ ડ્રાઇવમાં બે વ્યક્તિઓ પકડાયા હતા.

# મોરબી પત્રકાર એસો.ના પ્રમુખ તરીકે સુરેશભાઈ ગોસ્વામીની વરણી

## ઉપપ્રમુખ રવિભાઈ ભડાણીયા, મહામંત્રી ભાસ્કરભાઈ જોષી ચૂંટાયા

**મુખ્ય સમાચાર, મોરબી**




મોરબી પત્રકાર એસોસિએશન ની ૨૦૨૩ ની ટર્મ પુરી થતા વર્ષ ૨૦૨૪ ના નવા હોદ્દેદારોની ચૂંટણી તેમજ ગતવર્ષ નો હિસાબ કિતાબ ને ગતવર્ષ યોજાયેલ કાર્યક્રમો અંગે પૂર્વ પ્રમુખ હીમાંશુભાઈ ભટ્ટ ની આગેવાની માં સર્કિટ હાઉસ ખાતે બેઠક મળી હતી જેમાં પત્રકાર એશો મોરબી ના પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા જેમાં પૂર્વ પ્રમુખ હીમાંશુ ભટ્ટ એ ગત વર્ષ ૨૦૨૩ નો હિસાબ રજૂ કર્યો હતો ગતવર્ષે યોજાયેલ એશોસીએશન ના વિવિધ કાર્યક્રમો ની માહિતી આપી હતી અને ૨૦૨૪ ના નવા વર્ષ ના હોદ્દેદારો માટે દરવર્ષે ની જેમ ચૂંટણી પ્રક્રિયા હાથ ધરી હતી.

જેમાં મોરબી પત્રકાર એશો ના તમામ હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા જેમાં પ્રમુખપદે સુરેશભાઈ ગોસ્વામી અને જીજ્ઞેશભાઈ ભટ્ટ એ દાવેદારી નોંધાવી હતી જેમાં બહુમતીથી પ્રમુખપદે સુરેશભાઈ ગોસ્વામી,ઉપપ્રમુખપદે રવિભાઈ ભડાણીયા, બિનહરીફ મહામંત્રીપદે ભાસ્કરભાઈ જોષી, મંત્રીપદે આર્યનભાઈ સોલંકી અને ખજાનચીપદે પંકજભાઈ સનારીયા સાથોસાથ કારોબારી સભ્યોમાં અતુલભાઈ જોષી,ઋષિભાઈ મહેતા,સંદીપભાઈ વ્યાસ,સભ્યોમાં પ્રવીણભાઈ વ્યાસ,હીમાંશુભાઈ ભટ્ટ,ચંદ્રેશભાઈ ઓધવીયા,જીજ્ઞેશભાઈ ભટ્ટ,અલ્પેશભાઈ ગોસ્વામી, મહેન્દ્રસિંહ જાડેજા, હરનીશભાઈ જોષી,ધર્મેન્દ્ર વ્યાસ, સનીભાઈ વ્યાસ ની વરણી કરવામાં આવી હતી.પત્રકાર એસોસિએશન મોરબી ના ૨૦૨૪ ના પ્રમુખપદે સુરેશભાઈ ગોસ્વામી અગાઉ પણ મોરબી પ્રેસ એસોસીએશન ના પ્રમુખપદે સફળ કામગીરી કરી ચુક્યા છે.

# જામનગરમાં ડિફેન્સ કોલોની વિસ્તારમાં મોટરકારમાં અચાનક આગ લાગી

**મુખ્ય સમાચાર, જામનગર**




જામનગર શહેરમાં દિગજામ મિલ નજીક આવેલ ડિફેન્સ કોલોની વિસ્તારમાં એક મોટરકારમાં અચાનક આગ લાગી. જ્યારે મોટરકાર રીપેરીંગ કામ ચાલુ હતું તે દરમિયાન અચાનક આગ લાગી હતી.અને થોડીવારમાં જ મોટરકાર આગમાં બળીને રાખ થઈ ગઈ હતી. બીજી બાજુ સ્થાનિક લોકો દ્વારા મોટરકારમાં આગ લાગતા ફાયર બ્રિગેડને જાણ કરતા ફાયર બ્રિગેડ ઘટના સ્થળે દોડી આવી અને જે મોટરકારમાં આગ લાગેલી હતી તે આગ બુજાવી નાખી હતી. તેમજ જે મોટરકારમાં આગ લાગી હતી તેમાં કોઈપણ વ્યક્તિ હાજર ન હોય સદનસીબે જાનહાનિ ટળી હતી.આ કાર એસ.બી શર્મા સ્કૂલ ના ગ્રાઉન્ડમાં પાર્ક કરેલી હતી. અને મોટર કામમાં રીપેરીંગ કામ ચાલુ હતું તે દરમિયાન જ અચાનક આગ લાગી હતી.આગ લાગતા થોડીવાર માટે અફડા તફડી મચી જવા પામી હતી જ્યારે થોડીક વારમાં જ કાર ભરીને રાખ થઈ ગઈ હતી ત્યારબાદ તાત્કાલિક ઘટના સ્થળે ફાયર બ્રિગેડ દોડી આવતા આગ બુજાવી હતી. ત્યારબાદ ફાયર બ્રિગેડ દ્વારા આગને બુજાવી કઈ કારણસર આગ લાગી હતી અને કોની ગાડી હતી તે તપાસ હાથ ધરી હતી

# મોરબીના આલાપ પાર્કમાં પુજીત અક્ષત કળશના આગમન પ્રસંગે આર્ય નરેશજીની ધર્મસભા યોજાઈ

## મોરબીની આલાપ પાર્ક સોસાયટીમાં પુજીત અક્ષત કળશ યાત્રાનું ભવ્યાતિભવ્ય સ્વાગત કરાયું

**મુખ્ય સમાચાર, મોરબી**




અયોધ્યાથી આવેલ રામ જન્મભૂમિના પુજીત અક્ષત કળશનું આલાપ સોસાયટીમાં ભવ્ય સામૈયું અને સ્વાગત કરવામાં આવ્યું.હાલ સમગ્ર દેશ અને દુનિયાની સાથે સાથે મોરબી પણ આગામી ૨૨,જાન્યુઆરીએ અયોધ્યા ખાતે થનાર ભગવાન રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો આનંદ અને ખુશી જોવા મળી રહી છે, વર્ષોની પ્રતિક્ષા બાદ અયોધ્યા ખાતે ભગવાન રામનું ભવ્ય અને દિવ્ય મંદિર નિર્માણ થયું છે ત્યારે અયોધ્યાથી આવેલ રામ જન્મભૂમિના પુજીત અક્ષતના કળશનુ સમગ્ર આલાપ પાર્કના રામભક્તો દ્વારા ભવ્યાતિભાવ્ય ઢોલ ત્રાસા સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ બાળાઓ દ્વારા સામૈયુ પણ કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ અક્ષત કળશને વાજતે ગાજતે શિવ મંદિર ખાતે સર્વે ભક્તો તેના દર્શન અને પૂજનનો લાભ લઇ શકે એ માટે સ્થાપન કરવામાં આવ્યું ત્યારબાદ હિમાચલ પ્રદેશના પનોતા પુત્ર અને સમગ્ર ભારતમાં ભ્રમણ કરી આર્ય સંસ્કૃતિનું જ્ઞાન પીરસતા આર્ય નરેશજીની ધર્મસભાનું યોજાઈ હતી.આ ધર્મસભામાં આર્ય નરેશજી એ ભગવાન રામના જીવન કવન વિશે પોતાની આગવી અને ભાવવાહી શૈલીમાં વાતો કરી હતી, ખુબજ મોટી સંખ્યામાં ઉપસ્થિત આલપવાસીઓને ગાયત્રી મંત્રનું અર્થ સભર ગાન કરાવ્યું.સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા તમામ આલપવાસીઓ અને કમિટીના કાર્યકર્તાઓ, હોદેદારોએ ખુબજ જહેમત ઉઠાવી હતી.

# સૌની યોજના હેઠળ નર્મદાના નીર જામનગર તાલુકાના રૂપારેલ ડેમમાં ઠલવાયા

## કેબિનેટ મંત્રીરાઘવજીભાઈ પટેલે ધૂંવાવ ગામે રૂપારેલ ડેમ ઓવરફ્લો થતાં નર્મદાના નીરના વધામણાં કર્યા

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર.રાજ્યના કૃષિ, પશુપાલન ગૌસંવર્ધન,મત્સ્યોદ્યોગ,ગ્રામવીકાસ અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના મંત્રી રાઘવજીભાઈ પટેલે જામનગર તાલુકાના ધૂંવાવ ગામે સૌની યોજના હેઠળ નર્મદા નદીનું પાણી ડેમ સુધી આવતા રૂપારેલ ડેમ ઓવરફ્લો થતાં નવા નીરના વધામણાં કર્યા હતા.આ તકે કેબીનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે,જે વિસ્તારોમાં બારમાસ નદીઓ નથી તેવા સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તરગુજરાતના જિલ્લાઓના ખેડૂતોને નર્મદા નદીનું પાણી પહોંચાડવાનું ભગીરથ કાર્ય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યુ છે. રૂપારેલ ડેમ ઓવરફ્લો થતાં ખેડૂતોના ચહેરાઓ ઉપર હર્ષની લાગણી જોવા મળી છે. સૌની યોજના હેઠળ નદી નાળાઓમાં નર્મદાનું પાણી પહોચાડવામાં આવતા ખેડૂતો એક કરતા વધારે સીઝનનો પાક લેતા થયા છે અને તેમની આવકમાં વધારો થઈ રહ્યો છે. સરદાર સરોવર ડેમ મારફતે ગુજરાતના છેવાડાના ગામડા સુધી પણ નળ સુધી પીવાનું શુદ્ધ પાણી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસો થકી સરકાર દ્વારા પહોચાડવામાં આવી રહ્યું છે. ગુજરાતના ગામડાઓમાં સરકાર દ્વારા તમામ પ્રાથમીક સુવિધાઓ પહોંચાડવાના પ્રયાસો થકી લોકોને પાયાની સુવિધાઓ મળી રહી છે. અને માળખાકીય સુવિધાઓ વધતાં ગામડાઓ ગોકુળિયા બની રહ્યા છે. સુવિધા શહેરની અને આત્મા ગામડાનો સૂત્ર સાર્થક થયું છે. વિવિધ યોજનાઓના માધ્યમથી ગામડાઓનો વિકાસ થયો છે અને ખેડૂતો આત્મનિર્ભર બન્યા છે.સૌની’ એટલે સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઈરિગેશન યોજના. વર્ષ ૨૦૧૪માં આ યોજનાના કામોનો પ્રારંભ થયો. ‘સૌની’ યોજના અંતર્ગત નર્મદાના પૂરના વધારાના પાણીને સૌરાષ્ટ્રમાં પહોંચાડવાનું દૂરંદેશી આયોજન ઘડાયું હતું. યોજના મુજબ પૂરના પાણી નર્મદા મુખ્ય કેનાલ અને સૌરાષ્ટ્ર શાખા નહેર મારફતે સૌરાષ્ટ્ર વિસ્તારની નદીઓ અને ડેમો સુધી પહોંચાડવા ચાર પાઈપલાઈન લિન્ક દ્વારા સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાના ૧૫૫ જળાશયો સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય સરકાર દ્વારા થઈ રહ્યુ છે. જેનો ફાયદો સૌરાષ્ટ્રના હજારો ખેડૂતોને થઈ રહ્યો છે.આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ હસમુખભાઈ કણજારીયા, ધૂંવાવ ગામના સરપંચ કાનાભાઈ, પૂર્વ ધારાસભ્ય વલ્લભભાઈ ધારવિયા, આજુબાજુના ગામડાઓના સરપંચઓ, આગેવાનો તથા બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગર તાલુકાના બેડ ગામે ૮૦૦ મીટરના સીસી રોડનું લોકાર્પણ

**મુખ્ય સમાચાર, જામનગર**




જામનગર, રાજયના કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને જામનગર તાલુકાના બેડ ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કેબિનેટ મંત્રીએ જણાવ્યું હતું કે, સમાજના તમામ વર્ગના લોકો માટે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું દેશભરમાં આયોજન કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૪૭માં વિકસિત ભારત કેવું હોવું જોઈએ તેના માટે અત્યારથી જ પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. નાનામાં નાના ગામડાઓમાં પણ વિકાસના કામોનું વડાપ્રધાન દ્વારા અવલોકન કરવામાં આવી રહ્યું છે. વિકાસના કામો, માળખાકીય સુવિધાઓ પૂરી થાય, શિક્ષણ, રોજગારી, વ્યક્તિગત લાભ લોકોને મળી રહે તે માટે વિકસિત ભારત સંકલ્પ યાત્રા ગામે ગામ ફરી રહી છે વચેટીયાઓની જરૂર વગર લાભાર્થીઓને ઘરે બેઠા સરકારી યોજનાઓનો સીધો લાભ એનાયત કરવામાં આવી રહ્યો છે. રાજ્યના તમામ જરૂરિયાતમંદ લોકોને આરોગ્ય વિષયક સેવાઓ આપવામાં આવી રહી છે. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ લોકોને સારવાર કરાવવા માટે રૂપિયા ૧૦ લાખ સુધીનો ખર્ચ સરકાર દ્વારા આપવામાં આવી રહ્યો છે. પીએમ કિસાન સમ્માનનિધિ યોજના હેઠળ દર વર્ષે ત્રણ હપ્તા દ્વારા રૂપિયા ૬૦૦૦ ખેડૂતોના ખાતામાં સીધા જમા થતા હોવાથી તેઓને કૃષિની વસ્તુઓ લેવા માટે તે પૈસા ઉપયોગી બની રહ્યા છે. પ્રધાનમંત્રી વિશ્વકર્મા કૌશલ્ય સન્માન યોજના હેઠળ સરકારે નાના કારીગરોને પણ લોન આપવાનું ઉમદા કાર્ય કર્યું છે. નલ સે જલ યોજના હેઠળ અત્યારે દરેક ઘર સુધી પીવાનું શુદ્ધ પાણી પહોંચતું થયું છે. આ કાર્યક્રમમાં મંત્રીએ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવવા અંગે અને તેનાથી થતા ફાયદા અંગે પણ સમજૂતી આપી હતી.

વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત યોજવામાં આવેલા કાર્યક્રમમાં કેબિનેટ મંત્રીએ બેડ ગામે ૮૦૦ મીટરના સીસી રોડનું પણ લોકાર્પણ કર્યું હતું. તેમજ લોકોને સરકારી યોજનાઓ થકી માહિતગાર કરવામાં આવ્યા હતા. અને લાભો એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં લોકોએ સાફલ્યગાથા રજૂ કરી હતી. તેમજ મેરી કહાની, મેરી જુબાની હેઠળ તેઓને મળેલા સરકારી લાભો વિશે પણ અનુભવો વ્યક્ત કર્યા હતા. આ કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તે અગ્રગણ્ય મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. મિશન મંગલમ સ્વ સહાય જૂથની સારી કામગીરી બદલ પાંચ જૂથોને પ્રમાણપત્ર એનાયત, હર ઘર જલ યોજના અંતર્ગત ગ્રામપંચાયત બેડને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.મહાનુભાવોના હસ્તે સરકારની વિવિધ યોજનાઓ જેમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, આભાકાર્ડના લાભાર્થીઓ, ઉજ્વલા યોજના, અન્નપૂર્ણા યોજનાના લાભાર્થીઓને લાભો એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં બાળાઓ દ્વારા સ્વાગત ગીત અને સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પ્રાકૃતિક કૃષિ અંગેનું નાટક રજૂ કરવામાં આવ્યું હતુ.કાર્યક્રમમાં વિવિધ વિભાગો દ્વારા રાખવામાં આવેલા સ્ટોલની મંત્રીએ મુલાકાત લીધી હતી. સૌએ વિકસિત ભારત અંગેના શપથ લીધા હતા તેમજ પ્રધાનમંત્રીનો રેકોર્ડ કરેલ સંદેશ બહોળી સંખ્યામાં ઉપસ્થિત લોકોએ સાંભળ્યો હતો. ત્યારબાદ મંત્રીએ તેમજ અન્ય મહાનુભાવોએ ડ્રોન નિદર્શન કર્યું હતું.

આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ હસમુખભાઈ કણજારીયા, જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન મનીષાબેન, તાલુકા પંચાયતના પ્રમુખ સંગીતાબેન દુધાગરા, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ દિગુભા જાડેજા, જિલ્લા ભાજપ મહામંત્રી કુમારપાળસિંહ રાણા, તાલુકા વિકાસ અધિકારી સરવૈયા, પદાધિકારીઓ, અધિકારીઓ, આજુબાજુના ગામોમાંથી પધારેલા સરપંચશ્રીઓ, મહેમાનો, લાભાર્થીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરના મોટી ખાવડી ગામે કેન્દ્રીય નાણાં રાજ્યમંત્રી ડો. ભાગવત કરાડના અધ્યક્ષ સ્થાને વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું આયોજન કરાયું

**મુખ્ય સમાચાર, જામનગર**





જામનગર તાલુકાના મોટી ખાવડી ગામે કેન્દ્રીય નાણાં રાજ્યમંત્રી ડો. ભાગવત કરાડના અધ્યક્ષસ્થાને વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કેન્દ્રીયમંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતની આ ભૂમિ પાવનભૂમિ છે દેશને સ્વતંત્રતા અપાવવા માટે ગુજરાતના બે પનોતા પુત્રો મહાત્માગાંધીજી તથા સરદાર વલ્લભભાઈ પટેલે મહત્વનું યોગદાન આપ્યું છે ત્યારે દેશને વિકસિત બનાવવા માટે વડાપ્રધાન નરેન્દ્રમોદી તથા ગૃહમંત્રી અમિત શાહ જહેમત ઉઠાવી રહ્યા છે. કાશ્મીરથી કન્યાકુમારી, અરૂણાચલપ્રદેશથી કચ્છ સુધી વિકસિત ભારત સંકલ્પ યાત્રા પરિભ્રમણ કરી રહી છે. આ કાર્યક્રમના માધ્યમથી વિવિધ યોજનાઓની જાણકારી લોકો સુધી પહોંચી રહી છે. મોદીજીની ગેરેંટીવાળી ગાડી થી લોકોને સરકારી યોજનાઓના લાભ મળી રહ્યા છે. દેશના તમામ લોકોને વિકસિત બનાવવાનું વડાપ્રધાનનું સ્વપન છે તેમાં મુખ્ય ૧૭ યોજનાઓ લોકો માટે જરૂરી છે જે આ કાર્યક્રમ મારફતે લોકો સુધી પહોંચાડવામાં આવી રહી છે. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાનાનો લાભ દેશના ખૂણે ખૂણા સુધી પહોંચ્યો છે. પ્રધાનમંત્રી આવાસ યોજના થકી લોકોના ઘરના ઘરનું સ્વપન સાકાર થયું છે. આજે દેશના લોકોના ઝીરો બેલેન્સ એકાઉન્ટ બન્યા છે. પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના અંતર્ગત ₹૨૦ માં બે લાખ સુધીનો અકસ્માતી વીમો લોકોને મળી રહ્યો છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન યોજના થકી ખેડૂતોને ખેતી કરવા માટે દર વર્ષે રૂપિયા ૬,૦૦૦ ની સહાય સીધા તેમના બેંક એકાઉન્ટમાં જમા કરવામાં આવે છે. તમામ લોકોને મદદરૂપ થવા માટે વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથ લોકો સુધી પહોંચી રહ્યો છે. વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનું વડાપ્રધાનશ્રી નું સ્વપન છે. સમાજમાં સ્ત્રીઓનું મહત્વનું યોગદાન રહ્યું છે અને સ્ત્રીઓનો વિકાસ થાય તે માટે સરકાર દ્વારા ઘણી બધી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. વંચિતોનો વિકાસ થાય તે સૂત્ર સાથે સરકાર લોકો માટે અવિરત કામગીરી કરી રહી છે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રીએ લોકોને સરકારની વિવિધ યોજનાઓ વિશે વિસ્તૃતમાં માહિતી આપી હતી તેમજ જરૂરિયાતમંદોને લાભો મેળવવા અંગે વિનંતી કરી હતી. આ કાર્યક્રમમાં સાંસદ પુનમબેન માડમે જણાવ્યું હતું કે, જામનગરમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ કેન્દ્રીયમંત્રીના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો છે તે બદલ હું તેમનો આભાર વ્યકત કરું છું. કેન્દ્રની યોજનાઓનો લાભ ગુજરાત રાજ્યના લોકોને મળે તે હેતુથી મંત્રીએ અનેક સેમિનાર યોજી કેન્દ્રની યોજનાઓની અમલવારી વિશે માહિતગાર પણ કર્યા છે.

આંગળી ચીંધવાના પુણ્યને સાર્થક કરી સૌએ સાથે મળી સરકારી યોજનાઓનો લાભ અન્ય લોકો સુધી પણ પહોંચાડવો જોઈએ. દેશના આર્થિક અર્થતંત્રને મજબૂત બનાવવામાં બહેનો પણ ભાગીદાર થઈ રહી છે તે આપણા સૌ માટે ગર્વની વાત કહેવાય. સખી મંડળના માધ્યમથી બહેનો પોતે આત્મનિર્ભર થઈ અને પરિવારનું પણ ગુજરાન ચલાવી રહી છે. ગેરેન્ટી પણ પૂરી થવાની ગેરંટી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આપે છે. આ યાત્રાના માધ્યમથી તમામ જરૂરિયાતમંદોને લાભ લેવા માટે સાંસદએ જણાવ્યું હતું.કાર્યક્રમમાં મેરી કહાની મેરી જુબાની હેઠળ લોકોએ સરકારી યોજનાઓનો લાભ મળ્યો તે અંગેના અનુભવ વ્યક્ત કર્યા હતા. સરકારની વિવિધ યોજનાઓ આભાકાર્ડ, પ્રધાનમંત્રી જન આરોગ્ય કાર્ડ જેવી યોજનાઓના લાભાર્થીઓને લાભો એનાયત કરવામાં આવ્યા હતા. અને મોટી ખાવડી ગામને રેકોર્ડ ડિજિટલાઈઝેશન, ઓપન ડેફીનેશન ફ્રી ગામનું પ્રમાણપત્ર મહાનુભાવોના હસ્તે એનાયત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિવિધ વિભાગોના સ્ટોલની સાંસદએ મુલાકાત લીધી હતી. અને વડાપ્રધાનનો રેકોર્ડેડ સંદેશ સાંભળી ભારતને વિકસિત બનાવવા અંગે સૌએ સંકલ્પ લીધો હતો.શાળાના બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ તેમજ પ્રાકૃતિક કૃષિને લગત નાટકના માધ્યમથી ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ કરવા અંગે સંદેશો આપ્યો હતો. ત્યારબાદ અગ્રગણ્ય મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં રખાયેલ સ્ટોલના માધ્યમ થકી લોકો સ્થળ પર જ સરકારી યોજનાઓ વિશે જાણકારી મેળવી શકે છે અને તેમને લાભો એનાયત કરવામાં આવે છે.આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ મેયબેન ગરચર, ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા, જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, અધિક નિવાસી કલેકટર બી.એન.ખેર, કરાડ, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ હસમુખભાઈ કણજારીયા, તાલુકા પંચાયતના પ્રમુખ સંગીતાબેન દુધાગરા, જિલ્લા ભાજપ મહામંત્રી કુમારપાળસિંહ રાણા, અગ્રણીઓ દિલીપભાઈ ભોજાણી, મુકુંદભાઈ સભાયા, નાથાભાઈ, વિનુભાઈ ભંડેરી, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝમાંથી પધારેલા મહેન્દ્રભાઈ, પ્રાંત અધિકારી ધાર્મિક ડોબરીયા, તાલુકા વિકાસ અધિકારી સરવૈયા, વિવિધ વિભાગના અધિકારીઓ, અગ્રણીઓ તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ડીજેના તાલે આતશબાજી સાથે વર્ષ ૨૦૨૪નું સ્વાગત કરતાં રાજકોટીયનો






(તસ્વીરઃ આનંદ જાવિયા)

થર્ટી ફર્સ્ટ ડિસેમ્બર અને રવિવાર. રાજકોટને જાણે જોઈતું હતું એ કોમ્બીનેશન મળી ગયું. સાંજ ઢળતાં જ શહેરના માર્ગો પર ભીડ ઉમટવા લાગી હતી અને ને રાત પડતાં તો જિલ્લા પંચાયત ચોક, રેસકોર્સ રિંગ રોડ, કિસાનપરા સર્કલ, કાલાવાડ રોડ સહિત અનેક સ્થળે ટ્રાફિક જામ થતો રહ્યો હતો. આ દરમિયાન રંગીલા હોટલો, પાર્ટી પ્લોટ્સ અને થર્ટી ફર્સ્ટ નાઈટની ધમાકેદાર ઉજવણી કરી હતીડાન્સ એન્ડ ડાઈનનાં આયોજનોમાં હકડેઠક ભીડ રહી હતીસાથે ક્યાંક ડી.જે..ક્યાંક વિવિધ ગેમ્સ, ગાના– બજાના, પપેટશોમેજિશિયન, હલ્લાગુલ્લા, મોજ– મસ્તીની છોળો વચ્ચે ફેમિલી ફનક્વોલિટી ટાઈમ અને મધરાતે ૧૨ના ટકોરે આતશબાજી પણ ખરીઅયોધ્યા રામ મંદિરે પ્રાણપ્રતિષ્ઠાને અનુલક્ષીને અનેક સ્થળે રામલલ્લાની ધૂન–સંકીર્તન પણ સંભળાતા હતાંનવા વર્ષને ઉમંગભેર આવકારવામાં આવ્યું હતું.

## જશવંતપુરમાં જમીન માપણીમાં રહેલી વિસંગતતા દૂર કરો : કલેકટરને અપાયું આવેદન



(તસ્વીરઃ આનંદ જાવિયા)

જશવંતપુરના ગ્રામ વાસીઓ દ્વારા આજે રાજકોટ કલેકટરને મળીને જણાવ્યું હતું કે લોધીકા તાલુકાના જશવંતપુર ગામે માં ઘણી વિસંગતતા રહેલી છે જે અંગે વારંવાર સંબંધીત અધિકારીઓને રજૂઆત કરવામાં આવી છે પરંતુ જુના સરવે નંબર ૧ થી ૫૦ છે જ્યારે નવા સર્વે નંબર ૧ થી ૨૨૦ છે જેમાં અનેક વિસંગતતા છે તો આ તાત્કાલિક દૂર કરવામાં આવે.

## ભીમા કોરેગાવ શોર્ય દિવસની અનુસૂચિત જાતિ સમાજ દ્વારા ઉજવણી





(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટના અનુસૂચિત જાતિ સમાજ દ્વારા ભીમા કોરેગાંવ સૂર્ય દિવસની આસ્થા ભેર ઉજવણી કરવામાં આવી હતી ૧૮૧૮ ની સાલમાં ભીમા કોરેગાંવમાં નદીના કાંઠે ૫૦૦ મહારો અને ૨૮ હજાર પેસવા વચ્ચે યુદ્ધ છેડાયું હતું જેમાંમહારો એ પેશવા પર વિજય હાસલ કર્યો હતો જેની યાદ માં અનુસૂચિત જાતિ સમાજના લોકો દ્વારા આજનો દિવસ ઉજવવામાં આવે છે. આ પ્રસંગે આજે રેલી પણ અનુસુચિત જાતિ સમાજ દ્વારા કાઢવામાં આવી હતી.

## લીફટમાં એકલી જતી સગીરાને પ્રેમ સંબંધ રાખવા દબાણ કરી ઢગાએ કરી છેડતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ૧૫૦ ફુટ રીંગ રોડ પર એક વિસ્તારમાં રહેતી સગીરાને તારે મારી સાથે પ્રેમ સંબંધ રાખવો જ પડશે કહી મોબાઈલ નંબરની માંગ કરી પજવણી કરતા શખસ સામે ફરીયાદ કરતા યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી વિશેષ કાર્યવાહી કરી હતી.

આ અંગેની માહિતી મુજબ પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ એક મહિલાએ ફરીયાદ કરી હતી જેમા આરોપી તરીકે શીતલ પાર્ક ચોકડી પાસે રહેતા વનરાજસિંહ ધાંધલ (ઉ.૪૨)નુ નામ આપ્યુ હતુ. ફરીયાદમાં જણાવ્યુ હતુ કે તેની સગીર વયની પુત્રી સીએના કલાસીસ કરતી હોય મહિલાના પતિની માનસીકની બિમારી હોય દવા લેવા ગયા હતા તે દરમ્યાન ઘેર આવતી સગીરાને લીફટમાં પકડી તેના ગાલે હાથ ફેરવી છેડછાડ કરી હતી અને નાસ્તો કરવાની વાત કરી હતી.

ત્યાર બાદ તેને મોબાઈલ નંબર ની માંગ કરી હતી ત્યાર બાદ ઈશારા કરતો હોય જેથી તેને મોબાઈલ નંબર નહી આપુ અને ઈશારા નહી કરવાનુ કહેતા સગીરાને કહેલ કે તારે મને તારો નંબર આપવો પડશે અને મારી સાથે પ્રેમ સંબંધ રાખવો જ પડશે તેમ કહી ધમકી આપી જતા રહેતા સગીરાએ તેની માતા ને વાત કરી હતી ત્યાર બાદ તેના પતિના ફોનમાં ફોન કરી નાસ્તો કરવા લઈ જવાનુ કહેતા તેની માતાએ જણાવતા સગીરાને માતાએ યુનિવર્સિટી પોલીસ ફરિયાદમાં જણાવતા જમાદાર બાલસ સહીતના સ્ટાફે આરોપી સામે ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી.

## બસ સ્ટેન્ડ પાછળ રિક્ષા ભાડે કરવાની ના પાડતા પોલીસમેન પર હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રિક્ષા ભાડે નહી કરવાનુ કહેનાર એએસઆઈ પર રિક્ષા ચાલકે હુમલો કરતા તેને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડાતા એડવીઝન પોલીસે ગુનોં નોંધી આરોપીની ધરપકડ કરી વિશેષ કાર્યવાહી કરી હતી.

આ અંગેની માહિતી મુજબ મીલપરા મેઈન રોડ પર લક્ષ્મીવાડીમાં રહેતા અને જીઈબી પોલીસ મથકમાં એએસઆઈ તરીકે શવષ બજાવતા કિશોરભાઈ ભાણજીભાઈ ગુજરાતીએ ફરીયાદ કરી હતી. જેમા તે અને તેની પત્નિ અમદાવાદ ખાતે અભ્યાસ કરતા તેના પુત્રને મળી પરત એસટી બસમાં આવી ઘેર જવા માટે તેના ભાણેજને ફોન કરી બોલાવ્યો હોય જેથી બસમાંથી ઉતરી તેના પત્નિ સાથે બહાર નિકળતા રિક્ષા ચાલકે ભાડે કરવાની વાત કરી હતી.

પરંતુ તેના ભાણેજ તેડવા આવ્યા હોય તેને રિક્ષા ભાડે કરવાની ના પડતા રિક્ષા ચાલકે ઝગડો કરી ઢીકાપાટુનો મારી મારતા લોકો એકઠા થઈ ગયા હતા. ત્યા તેના ભાણેજ પણ આવી જતા પોલીસને જાણ કરતા પીએસઆઈ ઝાલા સહીતના સ્ટાફે રિક્ષા ચાલકની અટકાયત કરી પુછતાછ કરતા તે દૂધ સાગર રોડ પર ગુજરાત હાઉસીંગ બોર્ડના કવાટરમાં રહેતો સમીર ચાનીયા હોવાનુ જણાવતા પોલીસે એએસઆઈની ફરીયાદ પરથી ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી.

## ક્રાઈમ બ્રાંચના નકલી પોલીસમેન બનેલાં શખ્સ સામે ભક્તિનગર પોલીસમાં ફરિયાદ

### પૂર્વ પત્ની સાથેના યુવાનના ઝઘડામાં શખ્સે ફોન કરી સીન જમાવી ધમકી આપી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં તાજેતરમાં જ સોશિયલ મીડિયામાં એક ઓડિયો ક્લિપ વાયરલ થઈ હતી જેમાં એક શખ્સ પોતે ક્રાઈમ બ્રાન્ચમાં હોવાનું કહી યુવકને ધમકાવી પૈસા પડાવવા માંગતો તે મામલે યુવકે ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તેને ત્યાં જ નોકરી કરતા કર્મચારી સામે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી મુજબ વાવડી ગામે રહેતા અને કેટરર્સનું કામકાજ કરતા હાર્દિકભાઈ દીપકભાઈ બગડાઈ દ્વારા ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં તેને ત્યાં જ નોકરી કરતા અને આહીર ચોકમાં રહેતા યસ મુકેશ ડોડીયાનું આરોપીમાં નામ આપ્યું હતું જેમાં તેણે જણાવ્યું હતું કે તેની પત્ની સાથે તેને ૨૦૨૧માં છૂટાછેડા થઈ ગયા હતા જ્યારે ૨૬ તારીખ ૧૮ ના રોજ તે બપોરના પોતાના ઘરે હતો ત્યારે તેના પર તેની પત્નીનો ફોન આવ્યો હતો અને તેણીએ યુવક પાસેથી પૈસા માગ્યા હતા જેથી યુવકે તેને પૈસા આપવાની ના પાડી હતી.

નંબર ઉપરથી ફોન આવ્યો હતો જેમાં સામે વાત કરતા યુવકે પોતે પોતે ક્રાઈમ બ્રાન્ચ મહુવાની ઓળખ આપી હતી. અને તેને તેની પત્ની સાથે કેમ ડખો કર્યો તેવું જણાવ્યું હતું. પરંતુ હાર્દિકભાઈ આવાજ ને ઓળખી ગયા હતા અને તેને યસ ડોડીયા નો અવાજ હોવાનું સામેવાળા શખ્સે કહ્યું હતું. જેથી ફોન પર રહેલા સામેવાળા શખ્સે ગોળ ગોળ વાતો કરી ફોન કાપી નાખ્યો હતો. જેથી આ મામલે ભક્તિનગર પોલીસ દ્વારા ગુનો નોંધી એસ.એસ.આઈ વાય.સી.જરગેલા દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## જામનગરના બેડી વિસ્તારમાં સરકારી જમીન પર ગેરકાયદે બનેલા વૈભવી બંગલા પર બુલડોઝર ફરી વળ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર શહેરમાં અસંખ્ય ગુનાઓ આચરનાર બેડીના શખ્સ સરકારી જમીન ઉપર ગેરકાયદેસર બંગલો ખડકી દીધો હતો . આ પ્રકરણમાં વહીવટી તંત્રએ લેન્ડ ગ્રેબિંગ એકટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી અંતર્ગત આજે સવારે પોલીસ અધિક્ષકના નેજા હેઠળ ચૂસ્ત પોલીસ બંદબોસ્ત વચ્ચે બંગલો તોડી પાડવાની કામગીરી કરવામાં આવી હતી.મળતી વિગત મુજબ , જામનગર શહેરના બેડી વિસ્તારમાં રહેતાં રજાક નુરમામદ સાયચા સહિતનાઓ વિરૂધ્ધ હત્યાનો પ્રયાસ , રાયોટીંગ , વ્યાજવટાવ , સરકારી કર્મચારી ઉપર હુમલો , મકાન પચાવી પાડવા , ધમકી આપવી જેવા અસંખ્ય ગુનાઓ નોંધાયેલા છે . રજાક દ્વારા જામનગર મહાનગરપાલિકાની હદમાં આવેલા રેવન્યુ સર્વે નંબર ૪૦ પૈકીવાળી




સરકારી જમીન ઉપર ગેરકાયદેસર બંગલો ખડકી દેવામાં આવ્યો હતો . આ ગેરકાયદેસર દબાણ સંદર્ભે વહીવટી તંત્ર દ્વારા લેન્ડ ગેબિંગ એકટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી . દરમિયાન આજે સવારે નાયબ કલેકટર પી ડી પરમાર દ્વારા ગેરકાયદેસર ખડકાયેલો બંગલો તોડી પાડવા માટે આદેશ કરવામાં આવ્યો હતો . આદેશ સંદર્ભે આજે સવારે પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ , શહેર ડીવાયએસપી જયવીરસિંહ ઝાલા , પીઆઇ તથા પોલીસ કાફલા સાથેના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે બંગલો તોડી પાડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.જો કે , વહીવટી તંત્ર અને પોલીસે કોઇપણ જાતનો અનિચ્છનીય બનાવ ન બને તે માટે લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો અને આજે વહેલસવારથી પોલીસ તંત્રના ધાડા અને બુલડોઝર બેડી વિસ્તારમાં પહોંચી ગયા હતાં અને સરકારી જમીન પર ખડકાયેલા આ બંગલાની તોડપાડ માટે મહાનગરપાલિકાની એસ્ટેટ શાખાના સુનિલ ભાનુશાળી સહિતની ટીમ પણ આ પાડતોડમાં જોડાઈ હતી . આગામી દિવસોમાં પણ દબાણ કરનારાઓ સામે આવી જ કાર્યવાહી કરવામાં આવશે તેમ પોલી અધિક્ષક પ્રેમસુખ ડેલુએ જણાવ્યું હતું . સરકાર દ્વારા ગુનાહિત પ્રવૃત્તિ આચરનાર ગુનેગારો સામે કડક કાર્યવાહી અને ગેરકાયદેસર દબાણ કરનારનું દબાણ હટાવવા માટે હાથ ધરાયેલી કામગીરીને શહેરીજનોએ સરાહનીય ગણાવી હતી .

## જામનગર જિલ્લા કક્ષાનો સૂર્ય નમસ્કાર કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર સૂર્ય નમસ્કારને વિશ્વસ્તરીય ફલક પર લઈ જવા માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ, રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યમાં સૂર્ય નમસ્કાર મહા અભિયાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આજે નૂતનવર્ષના પ્રથમ દિવસે તા.૦૧ જાન્યુઆરીના રોજ રાજ્યભરમાં ૧૦૮ સ્થળોએ સૂર્ય નમસ્કાર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.જે અન્વયે, રાજ્યના કૃષિ, પશુપાલન, ગૌ સંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલની ઉપસ્થિતિમાં જામનગરમાં અજીતસિંહજી ક્રિકેટ પેવેલિયન.ક્રિકેટ બંગલો.ખાતે જિલ્લા કક્ષાનો સૂર્ય નમસ્કાર કાર્યક્રમ યોજાયો હતો.કાર્યક્રમમાં કેબિનેટ મંત્રીએ જણાવ્યું હતું કે, સમગ્ર રાજ્યમાં આજે તા.૦૧ જાન્યુઆરીના રોજ સામૂહિક સૂર્ય નમસ્કાર કાર્યક્રમનું આયોજન




કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મોઢેરા સૂર્યમંદિર ખાતે રાજ્ય કક્ષાનો સૂર્ય નમસ્કાર કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડસમાં સ્થાન પામવા જઈ રહ્યો છે, ત્યારે સમગ્ર રાજ્ય માટે આ ગૌરવાન્વીત ક્ષણ છે.રાજ્યકક્ષાનો સૂર્ય નમસ્કાર કાર્યક્રમ મોઢેરા સૂર્યમંદિર ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને રાજ્યના યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગના મંત્રી હર્ષ સંઘવીએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. રાજ્યકક્ષાના કાર્યક્રમના અંતે સૂર્ય નમસ્કાર સ્પર્ધાના તમામ વિજેતા સ્પર્ધકોનું મંચસ્થ મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. જામનગર જિલ્લા સહિત અન્ય જિલ્લાઓ વર્ચ્યુઅલ માધ્યમ વડે રાજ્ય કક્ષાના સૂર્ય નમસ્કાર કાર્યક્રમમાં સંમિલિત બન્યા હતા.ઉલ્લેખનીય છે કે, જામનગરના અન્ય આઈકોનિક સ્થળોએ લાખોટા તળાવ અને એ.કે. દોશી મહિલા કોલેજ ખાતે જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની કચેરી અને જામનગર મહાનગરપાલિકાના માર્ગદર્શન તળે સૂર્ય નમસ્કાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહાનુભાવોની ઉપસ્થિતિમાં બહોળી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા.

મંચસ્થ મહેમાનોનું તુલસીના રોપા અર્પણ કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ લલિત જોશીએ કરી હતી. ઉકત કાર્યક્રમમાં, મેયર વિનોદભાઈ ખીમસુરીયા, અધિક નિવાસી કલેકટર બી.એન.ખેર, જામનગર ગ્રામ્ય પ્રાંત અધિકારી ડોબરિયા, જિલ્લા યુવા વિકાસ અધિકારી પઠાણ, હોમગાર્ડઝ અધિકારી સરવૈયા, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ માંથી સોનલબેન માકડિયા, ગુજરાત રાજ્ય યોગ બોર્ડના યોગ પ્રશિક્ષકો, શાળાના વિદ્યાર્થીઓ, ૧૦૦ હોમ ગાર્ડઝ પ્લાટુન, પોલીસ મિત્રો અને બહોળી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા.

## હળવદના ઈતિહાસમાં સૌથી મોટો નિઃશુલ્ક મેગા મેડિકલ કેમ્પ સંપન્નઃ ૧૬૫૫ દર્દીઓએ લાભ લીધો

### સ્વ. હસુમતીબેન મણીલાલ દવેની પ્રથમ વાર્ષિક પુણ્ય તિથિ નિમિત્તે આયોજન કરાયું

**મુખ્ય સમાચાર, રમેશ ઠાકોર**

**હળવદ:** હળવદ શહેર મધ્યે આવેલ શ્રી શરણનાથ ઉપવન ખાતે નિઃશુલ્ક મેગા મેડિકલ કેમ્પ નું આયોજન થયું હતું આ કેમ્પ સ્વ.હસુમતીબેન મણીલાલ દવે ની પ્રથમ વાર્ષિક પુણ્ય તિથિ નિમિત્તે શ્રી સી.યુ.શાહ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ – પાટિયા ગ્રુપ – ધર્મપ્રેમી સેવા મંડળ – શ્રી શરણેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટ ના સંયુક્ત ઉપક્રમે આયોજન થયું આ કેમ્પમાં હળવદ તથા આસપાસ ના વિસ્તાર ના ૧૬૫૫ દર્દીઓ એ લાભ લીધો હતો ત્યારે આ કેમ્પ દરમિયાન ૨ દર્દીઓ ને ચાલુ હાર્ટ એટેક નું નિદાન થતાં તાત્કાલિક એમ્બ્યુલન્સ બોલાવી તેમને સુરેન્દ્રનગર સી.યુ.શાહ હોસ્પિટલ માં રિફર કરવામાં આવ્યા હતા અને આયુષ્માન ભારત યોજના માં નિશુલ્ક સારવાર મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી ત્યારે આ કેમ્પ માં સુરેન્દ્રનગર સી.યુ.શાહ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ ના નિષણાત ડોકટરો અને હળવદ ના સ્થાનિક ડોક્ટરો સહિત ૨૩ ડોકટરો એ પોતાની સેવાઓ આપી હતી અને થર્ટી ફસ્ટ ની ઉજવણી દર્દી નારાયણ ની સેવા કરી અને કરી હતી આ કેમ્પ માં તમામ સુપર




સ્પેશિયલ ડોક્ટરો સહિત વિવિધ રોગો ના નિષ્ણાત ડોકટરો એ આવેલ દર્દીઓ ને સચોટ રીતે નિદાન કરી આપ્યું હતું અને જેમને જરૂર હતી તેઓ ને કાર્ડિયોગ્રામ અને દવાઓ પણ નિઃશુલ્ક આપવામાં આવી હતી આમ હળવદ ના ઈતિહાસ માં સૌથી મોટો નિશુલ્ક મેગા મેડિકલ કેમ્પ યોજાયો હતો અને આવેલ દર્દીઓ એ પણ ખુબ જ સહકાર આપ્યો હતો સ્થાનિક હોસ્પિટલો એ પણ પોતાના ડોકટરો સ્ટાફ અને જરૂરી સર્વે સેવાઓ નો સહકાર આપ્યો હતો અને હળવદ પોલીસ એ ટ્રાફિક સમસ્યા નો થાય તે માટે વ્યવસ્થા ગોઠવી હતી નગરપાલિકા ના સેનીટેશન શાખા ના કર્મચારીઓ એ સ્વચ્છતા માટે સહકાર આપ્યો હતો અને પી.જી.વી.સી.એલ હળવદ દ્વારા વીજ પુરવઠો જળવાઈ રહે તેની વ્યવસ્થા કરી હતી તેમજ શ્રી શરણેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટ દ્વારા પણ ખુબ સારો સહકાર મળ્યો હતો શ્રીજી મંડપ સર્વિસ દ્વારા ખુબ સારો સહકાર મળ્યો હતો સાઈન ગ્રુપ ના કર્મચારીઓ પણ સેવા આપવા માટે આવ્યા હતા... જનતા ફ્રુડ મોલ દ્વારા પણ સહયોગ મળ્યો હતો તેમજ ૫૫ જેટલા ભાઈઓ તથા બહેનો એ સ્વયંસેવક તરીકે સેવા આપી હતી આ કાર્યક્રમ માં રાજકીય સામાજિક અને ધાર્મિક આગેવાનો એ હાજરી આપી હતી.આ કાર્યક્રમ ને સફળ બનાવવા શ્રી સી.યુ.શાહ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ તેમજ પાટિયા ગ્રુપ – ધર્મપ્રેમી સેવા મંડળ અને શ્રી શરણેશ્વર મહાદેવ મંદિર ના કાર્યકરો એ ભારે જહેમત ઉઠાવી હતી.

# શહેર પોલીસ કમિશનરના વ્યાજખોરો સામેના ઝુંબેશ ઉપર પોલીસે જ લગાવી કાળી ટીલી..!

## પોલીસે વ્યાજખોરની અરજી લઈ વહેલી સવારે પિડીત યુવાનને ઉઠાવી બેફામ માર માર્યાનો આક્ષેપઃ પીએસઆઈની શંકાસ્પદ કામગીરી સામે ઉઠતા સવાલઃ યુવાનની ફોર વ્હીલ કાર વ્યાજખોરોને પરત અપાવી રૂા.૧૫૦૦૦ તાબડતોડ અપાવી બળજબરીથી સમાધાન કરાવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**


રાજકોટ શહેરમાં છેલ્લા ઘણા સમયથી વ્યાજખોરો બેફામ બની લોકોને ઉંચા વ્યાજે નાણાં આપી પઠાણી ઉઘરાણી કરતા હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી. જેથી રાજકોટ શહેર પોલીસ દ્વારા ઝુંબેશ હાથ ધરી વ્યાજખોરો સામે લોક દરબારનું આયોજન કરી વ્યાજખોરોનો ભોગ બનેલા લોકોને ફરિયાદ નોંધાવવા તથા ડર રાખ્યા વગર આવા શખ્સો સામે પોલીસની કાર્યવાહીમાં સાથ આપવા અનુરોધ કરવામાં આવ્યો હતો. જેથી ભુતકાળમાં અનેક વ્યાજખોરો સામે ફરિયાદ નોંધાઈ છે. પરંતુ શહેર પોલીસ કમિશનરના આ વ્યાજખોરો સામેની ઝુંબેશ ઉપર પોલીસે જ કાળી ટીલી લગાવી હોવાની ઘટના પ્રકાશમાં આવતા ભારે ચકચાર મચી જવા પામી છે.

આ બનાવની સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ગાંધીગ્રામ પોલીસ મથકમાં એક વ્યાજખોરે સામાકાંઠાના એક પટેલ યુવાન સાથે કાર ચોરી કરી ગયાની અને છેતરપિંડીથી રૂપિયા લઈ ગયાની અરજી કરી હતી જેની તપાસ ગાંધીગ્રામ પોલીસ મથકના પીએસઆઈને સોંપાઈ હતી. ગત સપ્તાહે વહેલી સવારે ત્રણ વાગ્યે આ પીએસઆઈએ સામાકાંઠે પોલીસ વાનમાં જઈ યુવાનને તેના ઘરેથી ઉઠાવી લીધો હતો. ત્યારબાદ યુવાનને બેફામ મારમારી ત્રાસ આપી તેની પાસે તેના નામની કાર ઘરેથી પરત મગાવી હતી તાત્કાલીક વ્યાજખોરને રૂા.૧૫ હજાર અપાવી તથા બાકીના રૂા.૫૦૦૦૦ આપી ફોર વ્હીલ કાર લઈ જવા અંગે વ્યાજખોર સાથે યુવાનને જબરજસ્તી પીએસઆઈએ સમાધાન કરાવ્યું હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

વ્યાજખોરીનો ભોગ બનેલા પટેલ યુવાને જણાવ્યું હતું કે અગાઉ તેણે મિત્ર પાસેથી ૧૦ ટકાના ઉંચા વ્યાજે રૂા.૧.૩૦ લાખ લીધા હતા બાદમાં તેને ૪૦ હજાર આપી દીધા હતા બદલામાં તેણે કાર એક મિત્ર પાસેથી પટેલને આપી હતી ત્યારબાદ આ શખ્સે આ ફોર વ્હીલ કાર અન્ય બે વ્યાજખોરો પાસે ગીરવે મુકી હવાલો આપી તેનું વ્યાજ આ પટેલ યુવાનને ભરવાનું કહી હવાલો પાડયો ત્રીજા વ્યાજખોરે ગાંધીગ્રામ પોલીસમાં ફોર વ્હીલ કારના રૂપિયા લઈ લીધા બાદ ઠગાઈથી કાર લઈ ગયાની અરજી કરી હતી ત્યારે ગાંધીગ્રામના પીએસઆઈએ યુવાનને સાંભળવાની જગ્યાએ બેફામ ટોર્ચર કરી પટેલ યુવાન પાસેથી કાર મગાવી વ્યાજખોરને પરત કરી શંકાસ્પદ કામગીરી કરી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

એક તરફ શહેર પોલીસ કમિશનર શહેરમાં વ્યાજના વિષચક્રમાં ફસાયેલા લોકોને વ્યાજખોરોથી બચાવવા માટે લોક દરબારોનું આયોજન કરી વ્યાજખોરો સામે કાર્યવાહી કરી રહ્યા છે ત્યારે ગાંધીગ્રામ પોલીસના પીએસઆઈની શંકાસ્પદ કામગીરીથી પોલીસ કમિશનરની વ્યાજખોરોની ઝુંબેશ પર કાળી ટીલી લાગી હોય તેવા આક્ષેપો છડેચોક થઈ રહ્યા છે.

### પીએસઆઈએ પટેલ યુવાનનો ફોન લઈ લીધા બાદ વ્યાજખોરો સાથે થયેલી વાતચીતના રેકોર્ડીંગ અને કોલ હીસ્ટ્રી ડીલીટ કરી નાંખી




સામાકાંઠાના લેબોરેટરી સંચાલક પટેલ યુવાનને ગત સપ્તાહે ગાંધીગ્રામ પોલીસના પીએસઆઈએ વહેલી સવારે અરજીના કામે ઘરેથી ઉઠાવી લીધા બાદ તેનો મોબાઈલ ફોન જપ્ત કરી તેમાંથી વ્યાજખોરો સાથે થયેલી વાતચીત અને કોલ રેકોર્ડીંગ ડીલીટ કરી નાંખ્યા હતા. વ્યાજખોર સામે પોલીસે કાર્યવાહી કરવાના બદલે વ્યાજખોરોને છાવરતા હોવાનો ઘાટ સર્જાયો હોય તેવા આક્ષેપો થઈ રહ્યા છે.

## થોરાળાના ગોકુળ પરામાં વિદેશી દારૂની ૫૦ બોટલ અને રોકડા રૂપિયા સાથે બુટલેગરની ધરપકડ

### મહેશ્વરી સોસાયટીમાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરી સાથે વેપારી ઝડપાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**





શહેરના સામા કાંઠે થોરડા વિસ્તારમાં આવેલ ગોકુળ પરામાં વિદેશી દારૂ અને રોકડ સાથે બુટલેગરની પોલીસે ધરપકડ કરી છે જ્યારે ભક્તિનગર પોલીસે પ્રતિબંધિત ચાઈનીઝ દોરી સાથે વેપારીને દબોચી લઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.


આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ ગઈકાલે ૩૧ નિમિત્તે શહેરમાં ઠેર ઠેર વાહન ચેકિંગ અને બુટલેગરો પર પોલીસે દોષ બોલાવી છે ત્યારે થોરાળા પોલીસ ના પી.આઈ બીએમ જાણકાર તથા પીએસઆઇ પીએમ રાઠવા સહિતના સ્ટાફે થોરાળા વિસ્તારમાં આવેલ ગોકુળપુરા શેરી નંબર એક માં રહેતો વિજય ઉર્ફે અનો નાનજી સોલંકી નામના સકસના મકાનમાં દોરો પડતા વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૫૦ બોટલો તથા રોકડા રૂપિયા મળી આવતા પોલીસે રૂપિયા ૭૪,૪૨૦ નો મુદ્દામાલ કબજે કરી ધોરણની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે જ્યારે અન્ય એક બનાવમાં કોઠારીયા રોડ પર આવેલા ૫૦ ફૂટ રોડ પર મહેશ્વરી સોસાયટીમાં શ્રીરામ સિઝન સ્ટોર માં પ્રતિબંધિત ચાઈનીઝ દોરી નું વેચાણ થતું હોવાની હકીકતના આધારે ભકિતનગર પોલીસના પી.એસ.આઇ એમ એન વસાવા સહિતના સ્ટાફે દરોડો પાડી ચાઈનીઝ દોરી નું વેચાણ કરતો વેપારી ગૌરાંગ સુરેશ ગોહેલ નામના શખ્સની ધરપકડ કરી ૧૫૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે

## સ્વામીના ગઢડાના નિંગાળા ગામ પાસે પિતા–પુત્ર અને બે પુત્રીઓએ ટ્રેન હેઠળ ઝંપલાવી કર્યા આપઘાત

### ગઢડાના સખપર ગામના અનુ. જાતિ પરિવારે સામુહીક આપઘાત કરી લેતા અરેરાટીઃ કારણ અકબંધ

**મુખ્ય સમાચાર, રાજકોટ**





નિગાળા ગામે રેલ્વે ટ્રેક ઉપર ઝંપલાવીને એક જ પરિવારના ચાર વ્યક્તિઓએ આત્મહત્યા કરી લેતા ભારે અરેરાટી ફેલાઈ જવા પામી છે. આ મૃતકોમાં પિતા, પુત્ર અને બે પુત્રી સહિત એકજ પરિવારના ચાર વ્યક્તિઓએ આત્મ હત્યા કરી છે. આ ઘટનાના પગલે રેલ્વે પોલીસ અને ગઢડા પોલીસ સહિતે ઘટના સ્થળે પહોંચી મૃતદેહની ઓળખ કરવા અને પી.એમ. માટે કાર્યવાહી હાથ ધરી હતી. ગઢડાના નિંગાળા ગામે મોડી સાંજે ૬-૩૦ વાગ્યાની આજુબાજુ ભાવનગરથી ગાંધીગ્રામ તરફ જતી ટ્રેન નંબર ૦૯૨૧૬ હેઠળ મૃતકોએ ઝંપલાવતા કમકમાટીભર્યા મોત નિપજયા હતા. આ મૃતકોની ઓળખ થતા ગઢડા તાલુકાના નાના સખપર ગામના દલિત પરિવારના પિતા મંગાભાઈ વાથાભાઈ વિંઝુડા તથા યુવાન પુત્ર જીગ્નેશ અને યુવાન પુત્રીઓ રેખાબેન તથા સોનલબહેન હોવાનુ જાણવા મળ્યુ છે. આ આત્મહત્યાનુ કારણ હજુ સુધી અકબંધ રહેતા તંત્ર દ્વારા તપાસ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે મૃતક મંગાભાઈ અંદરો અંદર કોઈ ઝઘડાના પોલીસ કેસમાં ચાર દિવસ પહેલા છૂટીને આવ્યા હોવાનું ગામજનો પાસેથી જાણવા મળ્યુ હતું.

## ઈન્દ્રપ્રસ્થનગરમાં ક્રિષ્ના સ્કુલના સંચાલકો અનુજાતિ સમાજના વિદ્યાર્થીને હેરાન કરતા હોવાનો આક્ષેપ

### વિદ્યાર્થીના વાલીએ જિલ્લા શિક્ષણાધિકારીને ફરિયાદ કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઈન્દ્રપ્રસ્થ નગરમાં આવેલી ક્રિષ્ના સ્કૂલ દ્વારા રાજ્ય સરકારના પરિપત્ર કરતાં વધુ ફી વસૂલવાના બહાને અનુસૂચિત જાતિના વિદ્યાર્થી પર અત્યાચાર કરવામાં આવતો હોવાના આક્ષેપ સાથે જિલ્લા શિક્ષણાધિકારીને શાળામાં ભણતા એક વિદ્યાર્થીના વાલી દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

આ અંગેની માહિતી મુજબ જિલ્લા શિક્ષણાધિકારીને કરેલી રજૂઆતમાં સવજીભાઈ ગોહેલ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કે, તેમનો પુત્ર નિશિત ગોહેલ રાજકોટના ઈન્દ્રપ્રસ્થ નગરમાં આવેલી ક્રિષ્ના સ્કૂલમાં ધો.૧૨ (સાયન્સ)માં અભ્યાસ કરે છે. અમે રાજ્ય સરકારના પરિપત્ર કરતાં પણ વધારે ફી ભરેલી હોય તેમ છતાં અમને વધારાની ફી ભરવા બાબતે શાળામાંથી ફોન કરવામાં આવે છે અને એમ કહેવામાં આવે છે કે, જો તમે નહિ ભરોતો તમારા બાળકનું શિક્ષણ કાર્ય બંધ કરી દેવામાં આવશે.

ગત તા.૨૮મીએ પણ શાળામાંથી ફોન કરી જો તમે ફી નહિ ભરો તો તમારા બાળકનું શિક્ષણ બંધ કરી દેવામાં આવશે. કાલથી તમારા બાળકને અલગ ક્લાસમાં બેસાડવામાં આવશે. અમે સરકારના પરિપત્ર મુજબ ફી ભરી હોવાનું જણાવતા એમણે કહ્યું હતું કે, અમારી શાળા ખાનગી છે અને અમારી સંસ્થાના નીતિ નિયમ મુજબ ચાલીશુ. સરકારના નિયમ મુજબ અમારે ચાલવાનું ન હોય. બીજા દિવસે અમારા બાળકને કલાસમાં બેસવા દીધો નહતો. તેવો વિદ્યાર્થીના વાલી દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે. અનુસૂચિત જાતિના વિદ્યાર્થી સાથે અત્યાચાર કરવામાં આવતો હોય તેવા આક્ષેપ સાથે જ્યારે આજે સોમવારે બપોરે જિલ્લા શિક્ષણાધિકારીને રૂબરૂ મળીને પણ રજૂઆત કરવામાં આવશે. તેવું વિદ્યાર્થીના વાલી દ્વારા જણાવ્યું છે.

## શહેરમાં ગરમ શાકના તપેલામાં પડી જતા બાળકનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં મારવાડી કોલેજ પાસે આવેલી કીયાન કંપનીમાં શાકના તપેલામાં બે વર્ષનો બાળક અકસ્માતે પાડી જતા તે આખા શરીરે દાઝી જતાં તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.જ્યાં તેનું ટૂંકી સારવારમાં મોત નિપજ્યું છે.

આ અંગેની માહિતી મુજબ કિયા કંપનીમાં કામ કરતા બંસીલાલભાઈ ચૌહાણનો બે વર્ષનો પુત્ર દિપક ચૌહાણ છ દિવસ પહેલા કંપનીના રસોડમાં શાકના ગરમ તપેલા અકસ્માતે પડી જતા તે આખા શરીરે દાઝી ગયો હતો.જેમાં તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.જ્યાં તેને ગઈકાલે સારવારમાં દમ તોડી દેતા પરિવારમાં અરેરાટી પ્રસરી જવા પામી છે.જ્યારે આ મામલે કુવાડવા પોલીસ દ્વારા નોંધ કરી આગળની કાર્યવાહી હાથધરી છે.

## સોશિયલ મીડીયા મારફતે અભદ્ર મેસેજ કરી પતિને બદનામ કરવાનો પત્નીનો કારસો

### સાયબર ક્રાઈમ પોલીસે મહિલા સામે ગુનો નોંધી ધરપકડ કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં નેહેરૂનગર પાસે શ્રધ્ધા પાર્કમાં રહેતા અને પ્રાઈવેટ નોકરી કરતા યુવકનુ નકલી ફેસબુક બનાવી તેમજ ઈસ્ટાગ્રામ મારફતે અભદ્ર મેસેજ કરી બદનામ કરતા હોવાની તેમજ તેની પત્નિ સાથે ઝગડો ચાલતો હોય જેથી પત્નિએ આ કૃત્ય આચર્યાની ફરીયાદ કરતા સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી આરોપી મહિલાની ધરપકડ કરી હતી.

આ અંગેની માહિતી મુજબ શ્રધ્ધા પાર્કમાં રહેતા ચિરાગભાઈ રમેશભાઈ ગોહેલએ ફરીયાદ કરી હતી જેમા આરોપી તરીકે તેની પત્નિ ભકિતબેનનુ નામ આપ્યુ હતુ ફરીયાદમાં જણાવ્યુ હતુ કે તેના મોટા બાપુના પુત્રએ તેને ફેસબુકમાં તારા વિશે પોસ્ટ મુકી હોવાની જાણ કરતા તેને મારા ફેસબુક આઈડી ચેક કરતા મારા વિશે ખોટુ લખાણ કરી પોસ્ટ અપલોડ કરી હતી અને મારા ફેસબુકમાં ફ્રેન્ડ રીકવેસ્ટ આવી હતી જે એકસેપ્ટ કરતા તેના વિરૂધ્ધ અભદ્ર શબ્દોમાં મેસેજ હોય ત્યાર બાદ થોડા દિવસો બાદ ફરી તેના મોટા બાપુના પુત્રએ ફોન કરી વાત કરતા તેને ઈસ્ટાગ્રામ પર તપાસ કરતા તેને મેસેજ આવ્યો હતો જેમા તે ખુબ જ સરસ કામ કર્યુ ફુવા તમે આવા લોકો સાથે આવુ જ થવુ જોઈએ ત્થા અભદ્ર ભાષામાં લખાણ હોય જે અંગે તપાસ કરતા તેની પત્નિ સાથે કેટલાક સમયથી ઝગડો ચાલતો હોય અને ત્રાસની ફરિયાદ પાલીસમા તેમજ કોર્ટમા છુટાછેડાનો કેસ ચાલતો હોય અને તેના નામે ઈન્ટાગ્રામ રજીસ્ટર હોવાનુ જણાવતા પીઆઈ ઝણકાંત સહીતે ગુનો નોંધી શાપર રહેતી ભકિતબેનની ધરપકડ કરી વિશેષ કાર્યવાહી કરી હતી.

## કાલાવડના છાપરા ગામે રોંગ સાઈડમાં આવતી બસે ઠોકરે ચડાવતા બે પિતરાઈ ભાઈના મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**






રાજકોટ કાલાવડના છાપરા ગામે રહેતા બે પિતરાઈ ભાઈ બાઈક લઈને મેટોડા ખાતે કારખાનામાં નોકરી પર જતા હતા તે સમયે છાપરા ગામના પાટીયા પાસે રોંગ સાઈડમાં આવતી વ્રજ ટ્રાવેલ્સ નામની ખાનગી બસએ બાઇકને અડફેટે લેતાં બંને ભાઈઓને ગંભીર ઈજા પહોંચી હોંચી હતી. જ્યારે આકસ્માતની ઘટના કોઈ રાહદારી દ્વારા જાને આવતા તેને ૧૦૮ ને જાણ કરી હતી જેમાં બંને ભાઈઓને સારવાર માટે રાજકોટ સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેઓએ રાતના સમયે દમ તોડી દીધો હતો.

બનાવ અંગેની મળતી માહિતી મુજબ કાલાવડના છાપરા ગામે રહેતા પિયુષ સોમાભાઈ હાડા (ઉં.વ.૩૫) તેના પિતરાઈ રવેચી છે. ભાઈ યશવંત હરેશભાઈ હાંડા (ઉ.વ.૨૩) સાથે બાઈક પર મેટોડા ખાતે નોકરીએ જતા હતા તે સમયે છાપરા ગામના પાટીયા પાસે રોંગમાં આવતી વ્રજ ટ્રાવેલ્સ નામની ખાનગી બસે તેમના બાઇકને હડફેટે લેતા ગોઝારો અકસ્માત સર્જાયો હતો.જેમાં બંને ભાઈઓને ગંભીર ઈજા પહોંચતા ત્યાંના સ્થાનિકો દ્વારા ૧૦૮ ને જાણ કરતા ૧૦૮ ના સ્ટાફ દ્વારા તમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.જ્યાં તેમનું સારવાર દરમિયાન મોત નીપજતા પરિવારમાં અરેરાટી પ્રસરી જવા પામી છે. જ્યારે આ બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફ દ્વારા મેટોડા પોલીસને જાણ કરાતા તેઓ તાત્કાલિક હોસ્પિટલે દોડી આવ્યા હતા. અને મૃતકના પરિવારોની ફરિયાદ પરથી વ્રજ ટ્રાવેલ્સના ડ્રાઇવર સામે ગુનો નોંધી તેની અટકાયત કરી છે.હાલ બનાવથી પરિવારજનોમાં શોકનું મોજું ફરી વળ્યુ છે.

# થર્ટી ફર્સ્ટની રાત્રે ૩૮થી વધુ નશાખોર પોલીસની ઝપટે ચડયા

## રાતભર શહેરના વિવિધ માર્ગો પર પોલીસનું સઘન ચેકીંગઃ કાર અને બાઈક પર નશો કરીને નીકળેલાં શખ્સો ઝપટે ચડયા









(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

૩૧મી ડિસેમ્બરની શહેરમાં ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. થર્ટી ફસ્ટને લઈ પોલીસે રાજકોટ શહેરમાં સઘન ચેકિંગ હાથ ધર્યું હતું અને નશો કરેલી હાલતમાં નીકળેલા નશાખોરો સામે પોલીસે કાર્યવાહી કરી હતી. પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, અધિક પોલીસ કમિશનર વિધિ ચૌધરીના માર્ગદર્શન હેઠળ ૩-ડીસીપી, ૪-એસીપી, ૧૭-પીઆઈ, ૫૪-પીએસઆઈ તથા ૭૦૦-પોલીસ, ૩૭૦-હોમગાર્ડ અને ૧૭૫-ટીઆરબી મળી કુલ-૧૩૨૪ અધિકારી અને કર્મચારી ખડેપગે બંદોબસ્ત માટે તૈનાત રહ્યા હતા.

રાજકોટ શહેર ખાતે થર્ટી ફર્સ્ટ ની રાત્રે અલગ-અલગ પોઈન્ટો ઉપર પોલીસ તેમજ ટ્રાફીક જવાનો દ્વારા બ્રેથ એનલાઈઝર તેમજ એસઓજી દ્વારા ડ્રગ ટેસ્ટીંગ કીટ જેવા સાધનો વડે ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ક્રાઈમ બ્રાંચની ૫ ટીમો તેમજ ક્યુ.આર.ટીની ટીમે શહેરમાં સતત પેટ્રોલીંગ કર્યું હતું. તેમજ જે તે પોલીસ મથકના પી. આઈ, પીએસઆઈપ સહિતના પોલીસ સ્ટાફે અલગ અલગ ટીમ રાજકોટના કેકેવી ચોક, કોટેચા ચોક, રેસકોર્સ રીંગરોગ, ૧૫૦ ફૂટ રિંગ રોડ, ઇન્દિરા સર્કલ, કટારિયા ચોકડી, યાજ્ઞિક રોડ, ત્રિકોણ બાગ, એસ ટી બસ સ્ટેન્ડ, હનુમાન મઢી ચોક, રૈયા રોડ, સાધુ વાસવાણી રોડ, આકાશવાણી ચોક, ન્યારી ડેમ સહિતના વિસ્તારોમાં ચેકિંગ કર્યું હતું. તેમજ રાજકોટની ભાગોળે આવેલ હાર્મ હાઉસમાં, હોટલો તેમજ ૩૧ ડિસેમ્બરના આયોજન સ્થળે ચેકિંગ કર્યું હતું. પ્રેન સહિતના આધુનિક સાધનો વડે ગુનાહીત પ્રવ્રુતી ઉપર ચાપતી નજર રાખવામાં આવી હતી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT